GJSK140012382022

**:: નમુના–અ ::** **આંક–**

**વડાલીના મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેશ્રીની કોર્ટમાં મુ.વડાલી**
**ચુકાદાની તારીખ : ૦૧/૦૬/૨૦૨૬**
**ફોજદારી કેસ નં.૧૦૮૧/૨૦૨૨**

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય દંડ સંહીતાની કલમ–૪૯૮(ક),૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–૪ |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૯૦૫૪૨૨૦૩૩૧/૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન | વડાલી પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.સ્પે.એ.પી.પી.શ્રી.કે.એ.શાહ |
| આરોપી પક્ષ | **સપનકુમાર ગીરીશકુમાર મઢવી**<br>ઉ.વ.આ.૩૦, ધંધો – નોકરી,<br>રહે.બી–૧૦૬,ગ્રીન સીટી કિંગસ્ટનની બાજુમાં,પાલ ભાઠા રોડ,સુરત |
| રજુઆત | વિ.વ.શ્રી વિ.બી.ત્રીવેદી |

**:: નમુના –બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૧/૦૧/૨૦૨૦ થી |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૩/૦૫/૨૦૨૨ |
| આખરી અહેવાલની તારીખ | ૨૮/૧૨/૨૦૨૨ |
| પ્લી નોંધ્યા તારીખ | ૨૩/૦૩/૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૯/૦૫/૨૦૨૩ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૧/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૧/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ–લાગુ પડે તો | |

જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,
વડાલી

**:: આરોપીની વિગત ::**

| નંબર | આરોપીનુ નામ | ધરપડક ની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા /સજા કરી | કરવામાં આવેલી સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | સપનકુમાર ગીરીશકુમાર મઢવી | ०૩/०૬ /૨०૨૨ | ०૩/० ૬/૨૨ | ભારતીય દંડ સંહીતાની કલમ–૪૯૮ (ક),૩૨૩, ૫०૪,૫०૬ (૨),૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–૪ | નિર્દોષ | – | –– |

**:: નમુના – ક ::**

ફરીયાદી/બચાવ/ ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરીયાદપક્ષ

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | પુજાબેન સપનકુમાર મઢવી | ફરીયાદી |
| ફ.સ.૨ | જીતેન્દ્રભાઇ છોટાલાલ રાવલ | સાહેદ |
| ફ.સ.૩ | ગીતાબેન જીતેન્દ્રભાઇ રાવલ | સાહેદ |
| ફ.સ.૪ | અજયભાઈ છોટાલાલ રાવલ | સાહેદ |

બ. બચાવપક્ષ

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | - | - |

ક. ન્યાયાલય

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | - | - |

ફરીયાદી/બચાવ/ ન્યાયાલયના સાક્ષીની યાદી

જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,
વડાલી

અ. ફરીયાદ આંકની યાદી

| અનુ.નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૨૫ | અસલ ફરીયાદ |
| ૨ | ૫૪/૧ | પક્ષકારો વચ્ચે થયેલ સમજુતી કરારની ખરી નકલ |

બ. બચાવ આંકની યાદી

| અનુ.નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | - | - |

ક. ન્યાયાલય આંકની યાદી

| અનુ.નં. | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | –– | –– |

ડ. ભૌતિક પદાર્થ

| અનુ.નં. | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | –– | –– |

**–: ઠરાવ :–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, તા.૨૦/૦૫/૨૦૨૨ના પહેલા બે વર્ષના સમયગાળા દરમ્યાાન આ કામના ફરીયાદીના લગ્ન તેમના પતિ આરોપી નં.૧નાઓને નોકરીમાં માસીક એક લાખનું પેકેજ મળતા ફરીયાદીને આરોપી નં.૧,૨,૩નાઓએ જણાવેલ કે તુ અમારા લાયક નથી તથા તારા બાપે કરીયાવરમાં પણ અમોને કંઈ આપેલ નથી,જેથી અમારે તને રાખવી નથી તેમ કહી અવારનવાર મ્હેણાં ટોણા મારી તથા માર મારી રૂપીયા બે લાખની દહેજ પેટે માંગણી કરી આરોપી નં.૪નાઓએ ફરીયાદી સાથે ઝઘડો કરી તથા તમામ આરોપીઓ ભેગા મળી ફરીયાદીને બીભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરી ભારતીય દંડ સંહીતાની કલમ–૪૯૮(ક),૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–૪ મુજબના ગુનાની ફરીયાદ વડાલી પોલીસ સ્ટેશને નોંધાયેલ.આ કામે આરોપી વિરૂધ્ધ તા.૨૩/૦૫/૨૦૨૨ના ગુન્હો નોંધાતા અન્ય આરોપીઓ નં.૨ થી ૪નાઓ દ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટ ક્રિમીનલ મીસ. એપ્લીકેશન નં.૧૨૨૬૫/૨૦૨૨ દાખલ કરી હાલની ફરીયાદ કવોશ કરવા માટે

માંગણી કરવામાં આવેલી જેમાં વચગાળાની પેરા નં.૧૯(એફ)ની અરજ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા.૧૫/૦૭/૨૦૨૨માં કરેલ હુકમ દ્વારા મંજુર કરવામાં આવેલી અને તેમાં ચાજશીટ નં.૩૯/૨૦૨૨ અને તે લગતની એફ.આઇ.આર.ની કાર્યવાહી સ્ટે કરવામાં આવેલી અને આરોપી નં.૧(પતિ) વિરુધ્ધ ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલો. ત.ક.અ.શ્રી ધ્વારા ગુનાની તપાસ હાથ ધરેલી અને તપાસના અંતે ચાજશીટ નં.૫૮/૨૦૨૨ તા.૧૭/૦૮/૨૦૨૨વાળુ આરોપી નં.૧(પતિ) વિરુધ્ધ કરવામાં આવેલ છે અને અન્ય આરોપીઓ વિરુધ્ધ હાલનું ચાજશીટ કરવામાં આવેલ ન હોય તેની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને આ કામે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી,હીમતનગરનાઓ દ્વારા જા.નં.ડીસી/પીઓએલ–૧/એપીપી/વશી/૨૦૦૧/૨૦૨૩ તા.૨૩/૦૮/૨૦૨૩ના પત્રથી એ.પી.પી.શ્રી. કિરણકુમાર એ.શાહનાઓને સ્પેશીયલ કેસમાં હાલના ફોજદારી કામે આસી.પબ્લીક પ્રોસીકયુટર તરીકેની કામગીરી કરવાનો હુકમ કરેલ છે.

(૨) **ન્યાયીક કાર્યવાહી :–** આ કામે આરોપીને સમન્સ કરતાં, આરોપી હાજર થયેલા અને તેમને પોલીસ પેપર્સના કાગળો મળી ગયાની ખાત્રી કર્યા બાદ આંક–૦૪થી આરોપી વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી, આરોપીની આંક–૦૫થી પ્લી વાંચી સંભળાવી,સમજાવી,નોંધતા આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં, આરોપી સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા બાદ આરોપી વિરૂધ્ધ રેકર્ડ પર વિશેષ નિવેદન લેવા પુરાવો હોય ક્રિ.પો.કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીનુ વિશેષ નિવેદન નોંધેલ જેમાં આરોપીએ તેઓ તદ્દન નિર્દોષ હોવાનો અને આવો કોઇ ગુન્હો નથી અને આરોપી અને ફરીયાદી વચ્ચે લખાણ થયેલ છે અને આગળ કેસ ચલાવવા માંગતા ન હોવાનું ફરીયાદી અને સાહેદો જુબાનીમાં ફરી ગયેલ છે,તેથી આરોપીઓને નિદોર્ષ ઠરાવવા અરજ કરેલ છે અને સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી. કે.એ.શાહ દ્વારા વિગતવારની દલીલ કરેલ છે તથા આરોપી તર્ફે વિ.વ.શ્રી વિ.બી.ત્રીવેદીએ એવી દલીલો કરેલ છે કે,આ કામે ફરીયાદી અને આરોપી

વચ્ચે સમાન થયેલ છે અને રેકર્ડ પર તેની પુરસીસ પણ રજુ કરેલ છે અને આ કામે ફરીયાદી અને સાહેદો દ્બારા ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળતુ નથી અને ફરીયાદપક્ષે તેઓને માનસીક અને શારીરીક ત્રાસ આપેલ ન હોવાની હકીકતો સ્વીકારેલ હોય આરોપીને નિદોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૪)** આ કેસના આખરી નિકાલ સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**1. <u>-: મુદાઓ :-</u>**

(૧) શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૦/૦૫/૨૦૨૨ના પહેલા બે વર્ષના સમયગાળા દરમ્યાન આ કામના ફરીયાદીના લગ્ન તેમના પતિ આરોપીના ઓને નોકરીમાં માસીક એક લાખનું પેકેજ મળતા ફરીયાદીને આરોપી નં.૧નાઓએ જણાવેલ કે,તુ અમારા લાયક નથી તથા તારા બાપે કરીયાવરમાં પણ અમોને કંઇ આપેલ નથી.જેથી અમારે તને રાખવી નથી.તેમ કહી અવારનવાર મ્હેણાં ટોણા મારી તથા માર મારી રૂપીયા બે લાખની દહેજ પેટે માંગણી કરી ફરીયાદી સાથે ઝઘડો કરી તથા આરોપી નં.૧નાઓએ ફરીયાદીને બીભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરી ઇ.પી.કો.કલમ-૪૯૮(ક),૩૨૩,૫૦૪,૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધકધારા કલમ-૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

(૨) શુ હુકમ ?

**(૫)** ઉપરોકત મુદ્દા અંગે ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૬) રેકર્ડ થયેલા પુરાવાનો ટુંકસાર :-**

**(૬.૧) ફરીયાદપક્ષે ફરીયાદી-પુજાબેન સપનભાઇ મઢવી**નાઓની આંક-૨૪થી જુબાની રેકર્ડ કરવામાં આવેલ છે અને તેઓ તેમની

સરતપાસમાં જણાવેલ છે કે,તેઓના લગ્ન તા.૬/૧૨/૨૦૧૯ના રોજ હીન્દુ વીધી સાથે વડાલી મુકામે થયા હતા.તેઓના લગ્ન સુરતના સપનકુમાર સાથે થયેલા હતા.લગ્ન વખતે તેઓના પીતાજીએ કરીયાવરમાં સોનાચાંદીના દાગીના વાસણો તેમજ ઘરવખરીનો સામાન અને કપડા આપેલા અને તેની સાથે કન્યાદાન વખતે તેમને જે દાગીના તેમના માતા–પિતા તેમજ સગા સંબંધીઓએ આપેલા તે તેઓ તેમની સાથે લઈ ગયેલા.તેઓના લગ્ન બાદ તેઓ સુરત મુકામે સયુંકત પરીવારમા રહેવા માટે ગયેલા.તેઓના પતિ તેઓ લગ્ન કરી ગયેલા તે વખતે એમએનસી કંપની પુનાનુ વર્ક ફ્રોમ હોમ ઉપર કામ કરતા હતા.તેઓના લગ્ન પછી તેઓ એક વર્ષ તેમની સાસરીમા સારી રીતે રહેલા.તેઓ ભણેલા હોવાથી તેઓના પતિએ તેમને નોકરી કરવી જોઈએ તેવું કહેલું તેમજ તેઓના સાસુ નયનાબેન તેમજ તેમના સસરા ગીરીશકુમારનાઓ તેઓએ નોકરી કરવી પડશે તેવુ કહેલ.તેઓને તેમના **મારા સાસુ સસરાએ તેઓના પિતાજી જોડેથી બે લાખ રૂપીયા લઈ આવવા માટે કહેલું અને કહેલ કે તારે નોકરી ફરીજીયાત કરવી પડશે** તેઓના માટે સુરત મુકામે ધોલેરા ઈન્ફ્રા. કોમ કંપનીમા એકાઉન્ટની નોકરી શોધેલી જે નોકરી શોધેલી તે નોકરી તેઓ કરતા હતા.તેઓના કરીયાવર બાબતે તેમજ તેઓના પતિનુ નોકરીનું પેકેજ એક લાખ રૂપીયા થઈ ગયેલુ એટલા માટે **<u>તેઓના સાસુ સસરા તેઓને મેણા ટોણા મારતા હતા.તુ મારા લાયક નથી તારા માતા પિતા મધ્યમ વર્ગના છે અને અમને શોભે તેવુ કરીયાવર પણ આપેલ નથી અને તેઓના સસરા તેમને એન્ડ્રોઈડ ફોનનો ઉપયોગ કરવાનુ ના કહેલ અને ફોન વાપરવા પર પ્રતિબંધ</u>** લગાવેલ અને તેમને સાદો ફોન વાપરવાનું કહેલ આમ તેઓને શારીરીક ત્રાસ આપતા હતા.તેઓના સાસુ સસરાએ તેઓના પતિને જણાવેલ કે,આને રાખવાની નથી અને આને છુટાછેડા આપી દેવાના છે એ વખતે તેઓના નણંદ તેમના પીયરમા આવેલા હતા અને તેઓની સાથે ઝઘડો કરેલો અને આ બનાવ ૨૦૨૧ના ગણેશ મહોત્સવ દરમીયાન થયેલો અને તે દરમીયાન તેઓના સાસુ સસરાએ તેઓના પતિને કહેલ કે આપડે આને રાખવી નથી આને એના ફોઈના ઘરે મોકલી આપ જેથી **તેઓના પતિએ તેઓના ફોઈ રશ્મી**

**પ્રશાંતભાઈ પાઠકને ત્યા સુરત મુકામે મુકી આવેલા અને તેઓ તેમના ફોઈના ઘરે ૧૦ દિવસ સુધી રોકાયેલા અને તેઓના ફોઇ તેમને વહાલી સુકામે મુકી ગયેલા અને તેઓ વડાલી મુકામે ૩ મહીના રોકાયેલા** અને તેઓના પિતાજીએ તેમને સમજાવી તેઓનુ ભવિષ્ય ન બગડે તેવો વીચાર કરી તેમને તેઓની સાસરી મુકી ગયેલા તેમને મુકી ગયા બાદ પણ તેઓના સાસરીઓના વાણી વર્તનમા કોઈ બદલાવ આવેલો નહી અને તા.૧/૫/૨૦૨૨ના રોજ તેઓ સુરત સુકામે હતા **તે વખતે તેમના પતિ,તેઓના સાસુ સસરા તથા તેમના કાકાજી સમીરભાઈ ચીમનલાલનાઓ ભેગા મળી તેમને છૂટાછેડા માટે દબાણ કરતા હતા અને તેઓની સાથે ધકકામુકકી કરવા લાગેલા અને તે વખતે બીભત્સ ગાળો બોલતા હતા અને તેઓના પતિએ તેમને મારઝુડ કરેલી અને ઘરમાંથી કાઢી મુકેલી અને ફરી અહીંયા આવી તો તને જાનથી મારી નાખીશ તેવુ કહેતા તેઓ તેમના કાકા અજયભાઈ છોટાલાલ રાવલ રહે.સુરતનાઓના ઘરે જતા રહેલા તે વખતે તેઓના માતાપિતાને જાણ કરતા તેઓના માતા પિતા સુરત મુકામે તેમના કાકાના ઘરે આવેલા** અને તેઓના માતા પિતા તેમને લઈને તેઓની સાસરીમા તેઓના સાસરીયાઓને સમજાવવા ગયેલા તે વખતે સ્પષ્ટ ના પાડી દીધેલી આને અહીંયાથી લઈ જાવ અમારે છુટાછેડા લેવાના છે અને તે વખતે બધાને ગાળો બોલી આને અહીંયાથી લઈ જાવ અને આને પતાવી દઈશુ અને પછી તેઓના માતા પિતા તેમને વડાલી મુકામે લઈ આવેલા ત્યારબાદ માતા પિતાએ સમાજના લોકોને વચ્ચે રાખી સમાધાન કરવા માટે તેઓના સાસરીઓને જાણ કરેલી પણ તેઓના સાસરીવાળાઓએ સ્પષ્ટ ના પડેલી અને જણાવેલ કે અમારે આને રાખવી નથી તેઓ હાલ તેમના પિતાના ઘરે રહે છે આજરોજ કોર્ટ ફાઈલમાથી ફરીયાદની ખરી નકલ બતાવતાં જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે જેને રજુ દા.આંક.૨૫ આપવામાં આવે છે.

**સદર સાહેદ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે,**ફરીયાદમા આરોપીઓ સપનકુમાર ગીરશકુમાર મઢવી,ગીરીશકુમાર ચીમનલાલ મઢવી,

નયનાબેન ગીરીશકુમાર મઢવી અને શ્રેયાબેન ગીરીશકુમાર મઢવી અને સમીર ચીમનલાલ મઢવી નાઓ વિરૂધ્ધ આપેલી.

સવાલ:– નામ.ગુજરાત હાઈકોર્ટ ગીરીશકુમાર ચીમનલાલ મઢવી,નયનાબેન ગીરીશકુમાર મઢવી અને શ્રેયાબેન ગીરીશકુમાર મઢવી અને સમીર ચીમનલાલ મઢવી નાઓ સામે સ્ટે આપેલ છે તેની માહીતી તમને છે.

જવાબ :– તેમને અરજી કરેલી તેની ખબર છે બીજી ખબર નથી.

મારા લગ્ન થયા બાદ મારી સાસરીમાં સારી રીતે શાંતીથી જીવન,વીતાવતી હતી.લગ્ન થયા બાદ એક વર્ષ સુધી મારી સાસરીમા મારા પતિએ કોઈ ત્રાસ ન હતો, સાહેદ જણાવે છે કે તેના પછી ત્રાસ આપવાનો શરૂ કરેલ.મારા લગ્ન અમારા સમાજના અમારા સાસરીના સગાઓના તમામની સંમતીથી અને રાજી ખુશીથી થયેલા. એ વાત ખરી છે કે જ્યારે મારા લગ્ન થયા તે પહેલાથી અમારે અમારી સાસરી સુરત મુકામે સંયુકત કુટુંબમા રહેવાનું છે તે વાતની મને ખબર હતી.મારા લગ્ન ૨૦૧૯મા થયા બાદ આખા ભારતમા એક વર્ષ સુધી કોરોના ની પરીસ્થીતી રહેલી.મારા લગ્ન સુરત મુકામે થયેલા અને મારુ પીયર વડાલી મુકામે થાય.જયારે લોકડાઉન થયુ ત્યારે હું મારી સાસરીમા હતી.આ સમય દરમીયાન હુ મારી સાસરીમા રાજીખુશીથી અને સંમતીથી રહેતી હતી.મે એમ.કોમ. સુધી અભ્યાસ કરેલો છે.વડાલી પોલીસ સ્ટેશનમા ફરીયાદ કરી ત્યારે મારા માતાપિતા મારી સાથે હતા.સામાન્ય રીતે આજકાલ દરેક પાસે એન્ડ્રોઈડ ફોન હોય છે.વડાલી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ તથા ડોમેસ્ટીક અને ભરણપોષણ બધી ફરીયાદ એક જ તારીખે દાખલ કરેલી છે.મારા સગાવાલા રશ્મિબેન પ્રશાંતભાઈ પાઠક અને અજય છોટાલાલ રાવલનાઓ પહેલાથી સુરત મુકામે રહે છે.કહેવાતા બનાવ સમયે મારા કાકા અજયભાઈ છોટાભાઈ રાવલને ત્યા ગયેલા. **<u>મારી ફરીયાદમા એવી હકીકત લખાવેલ નથી કે,"આને પતાવી દઈશું"</u>.એ વાત ખરી છે કે,આ કામે આરોપીઓ સાથે સમાધાન થયેલ છે. <u>એ વાત ખરી છે કે મારા લગ્ન જીવન દરમ્યાન મારે અને મારા સાસરીયાઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી. આ સીવાય બીજુ કશુ બનેલુ નહીં. મને નિ.૫૪/૧વાળો નોટરાઇઝ સમાધાન કરાર બતાવવામાં</u>**

**આવે છે જેમાં તેઓની સહી છે જે ઓળખે છે.આ સમાધાન કરારની શરતો મુજબનુ સમાધાન થયેલ છે.એ વાત ખરી છે કે જે તે સમયે મે રોષમાં ફરીયાદ આપેલી અને હવે આ કામના આરોપીઓ સાથે કોઇ તકરાર,મનદુ:ખ રહેતુ નથી.**

**સાહેદે એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે,**કહેવાતો બનાવ ૨૦૧૯ બનેલ છે **સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે,બનાવ ૨૦૨૧–૨૨નો છે** અને કહેવાતો બનાવ ૨૦૨૧ બનેલ અને ફરીયાદ મે એક વર્ષ બાદ આપેલી અને હું ભણેલી હોવાથી ધોલેરા ઇન્ફ્રો. કંપનીમાં મારી મરજીથી નોકરી કરતી હતી અને હુ ધોલેરા ઇન્ફ્રો કંપનીમાં નોકરી કરતી હતી તેનો પગાર મારા એકાઉન્ટમાં પડતો હતો **સાહેદ જણાવે છે કે મારા પતીના એકાઉન્ટમાં પડતો નથી** અને હું મારી મરજીથી નોકરી કરતી હતી અને લગ્નબાદ હું છ જ મહીના મારી સાસરીમાં રહેલી અને પોલીસે ફરીયાદ મને વાંચી સંભળાવેલી ન હતી અને હું લગ્ન પહેલા એન્ડ્રોઇડ ફોન મારી પાસે હતો અને આ લોકોને ત્યાં અમારે વારંવાર જવાનું થાય છે અને મારા સગાવહાલાએ મને ચઢામાણી કરેલી કે તુ આ સપન પર ફરીયાદ કર અને **મે મારી ફરીયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે, સપન અને ગીરીશકુમારે મને કહેલ કે,તારે નોકરી કરવી પડશે** અને મારા સસરાએ મને એન્ડ્રાઇડ ફોન વાપરવાની ના પાડેલ હોય તેવું બનેલ નથી અને મારા પતીએ મને કોઇ ત્રાસ આપેલ હોય કે મહેણાટોણા મારેલ હોય તેવું બનેલ નથી અને મારા સાસુ સસરા નણંદે મને ત્રાસ આપી ધરમાંથી કાઢી મુકેલ હોય તેવું બનેલ નથી અને હાલમાં હું વડાલી મુકામે નોકરી કરુ છું અને મારા સાસુ સસરાએ બે લાખ રૂપીયાની માંગણી કરેલ હોય કે કરીયાવરની માંગણી કરી હોવાની હકીકત હું ખોટી જણાવું છું અને આવો કોઇ બનાવ બનેલ ન હોવા છતા તમારા માતાપીતાની ચઢામણીથી હાલની ખોટી ફરીયાદ આપેલી છે અને આવો કોઇ બનાવ બનેલ ન હોવા છતા સોંગદ પર ખોટી જુબાની આપુ છુ અને કોઇ સોનાચાંદીના દાગીના કે રોકડની માંગણી કરેલ હોવાની હકીકત ખોટી જણાવું છું.

**સાહેદ એ હકીકતની જાણ ન હોવાનું સ્વીકારે છે કે,**શ્રેયાબેનના લગ્ન ચેન્નાઇ મુકામે થયેલા છે અને તેઓ પહેલાથી જ ચેન્નાઇ મુકામે રહે છે અને તેઓએ કદી મને ત્રાસ આપેલ નથી

(૬.૨) **ફરીયાદપક્ષે સાહેદ–જીતેન્દ્રભાઇ છોટાલાલ રાવલ**નાઓની આંક–૩૩થી જુબાની રેકર્ડ કરવામાં આવેલ છે અને તેઓ તેમની સરતપાસ માં જણાવેલ છે કે,તેઓની દીકરી પૂજાબેનના લગ્ન તા.૬/૧૨/૨૦૧૯ના રોજ સુરત નીવાસી સપનકુમાર ગીરીશભાઈ મઢવી સાથે હીન્દુ શાસ્ત્રોકત વીધી મુજબ થયેલા જે લગ્નમા તેઓએ કરીયાવર તરીકે સોનાચાંદીના દાગીના કપડા વાસણો જેવી જીવન જરૂરી વસ્તુઓ આપેલી તેઓની દીકરી લગ્ન પછી સુરત મુકામે સંયુકત પરીવારમા લગ્નના હકો ભોગવવા ગયેલી ત્યા એક વર્ષ સુધી તેને સારી રીતે રાખેલી અને **તેઓના જમાઈ સપનકુમાર તેઓની દીકરીને કહેતા હતા કે તુ આટલું ભણેલી છે તારે નોકરી કરવી પડશે નહીતર ઘર ખર્ચ નહી ચાલે** અને તેઓની દીકરીના સાસુ નયનાબેન અને સસરા ગીરીશકુમાર તેમની દીકરીને ટકોર કરીને કહેતા હતા કે અહીયા રહેવુ હશે તો તારે નોકરી કરવી પડશે અને તારા માતા પિતાએ કરીયાવર ઓછુ આપેલુ છે તેથી તારે બે લાખ રૂપીયા લાવવા પડશે આ બાબતે અમારી દીકરી પુજાએ અમોને વાત કરતા અમોએ પુજાને સમજાવેલી કે દીકરા બધુ આજે નહી તો કાલે સારૂ થઈ જશે આ બનાવ વખતે પુજા પીયરમાં આવેલી અને અમોએ તેને સમજાવીને પરત તેની સાસરીમા મોકલેલી તેમની દીકરીને તેમના પર ફોન આવેલો અને તેને તેઓને જણાવેલ કે પપ્પા મને સુરત મુકામે ધોલેરા ઈન્ફ્રાકોમ કંપનીમા એકાઉન્ટન્ટ તરીકે નોકરી ચાલુ કરી દીધેલ છે નોકરી દરમીયાન તેઓના સાસુ સસરા તેમને રોકટોક કરી બહાર જવાનુ નહી કહેતા હતા અને તે સમયગાળા દરમીયાન તેઓના જમાઈનો માસીક પગાર એક લાખ રૂપીયાનો થઈ ગયેલો અને **તેઓની દીકરીને રાખવી નથી અને તારે કોઈ મોબાઈલ ચલાવવાનો નહી તેમ કહી માનસીક અને શારીરીક ત્રાસ આપતા હતા અને કહેતા હતા કે તારે એન્ડ્રોડ ફોનની જગ્યાએ સાદો ફોન વાપરવાનો રહેશે** આ બાબતે તેઓની દીકરીઓ તેમને વાત કરતા તેઓએ તેને જણાવેલ કે દીકરા આપણી આર્થીક

પરીસ્થીતી નથી થોડુ સહન કરી લે બધુ સારૂ થઈ જશે ત્યારબાદ તેઓની દીકરીનો ફોન આવેલો અને તેને તેમને જણાવેલ કે મારા નણંદ શ્રેયાબેન આવેલા અને કહેતા હતા કે આ ઘરમા રહેવુ હોય તો મારા માતા પિતા કહે તેમ કરવુ પડશે નહીતર તુ આ ઘરમા નહી રહી શકે ત્યારબાદ સને ૨૦૨૧મા ગણપતી મહોત્સવ દરમીયાન તેઓની દીકરી પુજાનો ફોન આવેલો અને કહેલ કે ઘરના બધા સભ્યો મારી સાથે ઝઘડો કરે છે અને મને માનસીક અને શારીરીક ત્રાસ આપે છે અને મને છૂટુ કરવા માટે દબાણ કરે છે અને મારી દીકરીને સસરાએ તેમના દીકરા સપનકુમાર જણાવેલ કે તારી પત્નિને રાખવી નથી અને તુ તેની ફઈ રશ્મીબેન સુરત વાળાઓને ત્યા મુકી આવ તેવુ કહી મારી ઘરમાથી કાઢી મુકેલી અને તે તેના ફઈ રશ્મીબેના ઘરે રહેવા ગયેલી આ બાબતે તેઓની બહેન રશ્મીબેને તેમને જાણ કરેલી કે પુજાના સાસરીવાળાઓએ પુજાને માર મારી મારા ઘરે મુકી ગયેલા જેથી તેઓએ તેમની બહેનને કીધેલ કે સાત આઠ દીવસ તમારી સાથે રાખો ત્યારબાદ વડાલી મુકામે મુકી જજો ત્યારબાદ તેઓની દીકરી વડાલી મુકામે આવી ગયેલી અને ત્યારબાદ ૩ એક મહીના બાદ તેઓની દીકરીને સમાજાવીને તેની સાસરી પાછી મોકલી આપેલી **તેઓની દીકરીને સાસરીમા મોકલ્યા બાદ પણ આ લોકોના વર્તનમા કોઈપણ જાતનો ફેર પડેલ નહી** સને ૨૦૨૨ તેઓની દીકરીના સાસરીયા પક્ષના નણંદ અને બીજા લોકો છુટાછેડા માટે દબાણ કરતા હતા તેને ના કહેતા મા બેન સામે ગાળો બોલી ધમકી આપેલી અને તેને **માર મારેલો અને તેને ઘરમાથી કાઢી મુકી અને આ ઘરમા પાછી આવતી નહી તને રાખવાની નથી તેવુ જણાવેલુ જેથી તેઓના ભાઈ અજયભાઈ છોટાલાલ રાવલને ત્યા તેઓની દીકરી ગયેલી** જે બાબતે તેઓના ભાઈનો ફોન તેમના પર આવતા તેઓ અને તેમના પત્નિ સુરત મુકામે અજયભાઈને ઘરે ગયેલા ત્યા પહોચ્યા બાદ અમોએ અમારી દીકરી પુજાને સમાજાવેલી અને તેની સાસરીમા ગયેલા અને ત્યા તેઓની દીકરીના સાસરી વાળાઓએ તેને રાખવાની ના પાડી અને એને રાખવાની નથી તેવુ જણાવેલુ એ લોકો બીભત્સ ગાળો બોલી અહીયા મુકી ગયા તો તમારી દીકરીને પતાવી દેશુ ત્યારબાદ

તેઓ તેમની દીકરીને લઈને વડાલી મુકામે લઈને આવેલા તેઓએ સમાજીક રીતે પ્રયત્નો કરેલા પરંતુ તેઓની દીકરીના સાસરીવાળા તેને તેડી જવા તૈયાર ન હતા આજની તારીખે તેઓની દીકરી તેઓની સાથે રહે છે આ ફરીયાદ તેમની દીકરીએ પુજાએ તેની સાસરીવાળાઓ વીરૂધ્ધ કરેલી તે બાબતે પોલીસે તેઓની પુછપરછ કરી તેઓનો જવાબ લીધેલો.

**સદર સાહેદ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે,**આ કામના આરોપીએ તેમની દીકરી પાસે રૂપીયા બે લાખ કઈ તારીખે,કઈ જગ્યાએ, કોની હાજરીમાની કોઈ હકીકત પોલીસ સમક્ષ જણાવેલી નથી.સપનકુમારે તેઓની દીકરીને એક વર્ષ સુધી સારૂ રાખેલ.કહેવાતા બનાવના એક વર્ષ બાદ તેઓની દીકરી તેમના ઘરે કઈ તારીખ આવી,કયા સમયે આવેલી એવી કોઈ હકીકત પોલીસ સમક્ષ જણાવેલી નથી.સપનકુમાર અને તેના માતા પિતાએ કઈ તારીખે, કઈ જગ્યાએ, કોની હાજરીમા મેણા ટોણા અને માનસીક ત્રાસ આપ્યા અને કરીયાવર માગ્યાની કોઈ હકીકત પોલીસ સમક્ષ જણાવેલી નથી. તેઓની દીકરીની નણંદ શ્રેયાબેન કઈ તારીખે પીયરમા આવી,કઈ તારીખે, કઈ જગ્યાએ, કોની હાજરીમાં, ત્રાસ આપેલાની કોઈ હકીકત પોલીસ સમક્ષ જણાવેલી નથી,તેઓની દીકરી પૂજાને રશ્મીબેનના ઘરે કઈ તારીખે,કઈ જગ્યાએ,કોની હાજરીમા મુકી આવેલીની કોઈ હકીકત પોલીસ સમક્ષ જણાવેલી નથી.સપનકમારે તેઓની દીકરીને ગાળો બોલેલી તે ગાળો કઈ તારીખે, કોની હાજરીમા કઈ ગાળો બોલેલા તેના શબ્દોની વીગત પોલીસ નીવેદનમા જણાવેલી નથી, ના બોલાય તેવી ગાળો બોલેલા. તેઓ તેમની દીકરીના લગ્ન પહેલા અને પછીથી વડાલી મુકામે રહે છે.

સવાલ :- તમારી દીકરી પુજાનો માનસીક અને શારીરીક ત્રાસ આપતા તે તમે નજરો નજર જોયેલ નથી ?

જવાબ :- માનસીક ત્રાસ આપતા હતા અને અમો બધા મુકવા ગયેલા ત્યારે અમોને બધાને ગાળો આપીને કાઢી મુકેલા.

**સાહેદે વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,**તેઓની દીકરીને સુરત કે વડાલી મુકામે કોઈ વ્યથા થયેલ હોય કે ઈજા પહોચેલ હોય અને મારામારીના

કારણે સરકારી કે ખાનગી દવાખાને કોઈ સારવાર કરેલાની કોઈ જાતમાહીતી તેમને નથી. કોરોનાના સમયે તેમની દીકરી સુરત મુકામે હતી.કહેવાતા બનાવ બાદ કોર્ટમા અરજી કર્યા બાદ તેઓ તથા તેમના પત્નિ અને તેમની દીકરી જરૂર પડયે કોર્ટમા અવરજવર કરે છે. કહેવાતા બનાવ બાદ બીજી કોઈ અન્ય બનાવ બનેલ હોય કે એકબીજા સામે કોઈ ફરીયાદ કરેલ હોય તેવુ બનેલ નથી.

**સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે,**કહેવાતા બનાવ સમયે મારી દીકરીની નણંદ શ્રેયાબેન મેગ્લોર મુકામે રહેતા હતા અને કહેવાતા બનાવ બાદ કોર્ટમાં અરજી કર્યા બાદ સપનકુમાર જરૂર પડયે કોર્ટમાં અવરજવર કરે છે અને મારી દીકરીને તેના સાસરીવાળા સારી રીતે રાખતા હતા અને આજે પણ સારી રીતે રાખે છે અને રાખવા તૈયાર છે પરંતુ હું મારી દીકરના સમર્થનમાં ખોટી રીતે જુબાની આપુ છું અને આવો કોઇ બનાવ બનેલ ન હોવા છતા સોંગદ પર ખોટી જુબાની આપુ છું.

**(૬.૩) ફરીયાદપક્ષે સાહેદ–ગીતાબેન જીતેન્દ્રકુમાર રાવલ**નાઓની આંક–૩૯થી જુબાની રેકર્ડ કરવામાં આવેલ છે અને તેઓ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,તેઓની દીકરી પૂજાબેનના લગ્ન તા.૬/૧૨/૨૦૧૯ના રોજ સુરત નીવાસી સપનકુમાર ગીરીશભાઈ મઢવી સાથે હીન્દુ શાસ્ત્રોકત વીધી મુજબ થયેલા અમોએ કરીયાવર તરીકે સોના ચાંદીના દાગીના કપડા વાસણો જેવી જીવન જરૂરી વસ્તુઓ આપેલી તેઓની દીકરી લગ્ન પછી સુરત મુકામે સંયુક્ત પરીવારમા લગ્નના હકો ભોગવવા ગયેલી ત્યા એક વર્ષ સુધી તેને સારી રીતે રાખેલી તેઓના **<u>જમાઈ સપનકુમાર તેઓની દીકરીને કહેતા હતા કે,તુ આટલું ભણેલી છે તારે નોકરી કરવી પડશે.</u>**તેઓની દીકરીના સાસુ નયનાબેન અને સસરા ગીરીશકુમાર તેમની દીકરીને ટકોર કરીને કહેતા હતા કે અહીયા રહેવુ હશે તો તારે નોકરી કરવી પડશે અને તારા માતા પિતાએ કરીયાવર ઓછુ આપેલુ છે તેથી તારે બે લાખ રૂપીયા લાવવા પડશે આ બાબતે તેઓની દીકરી પુજાએ તેઓને વાત કરતા તેઓએ પુજાને સમજાવેલી કે દીકરા બધુ આજે નહી તો કાલે સારુ થઈ જશે

આ બનાવ વખતે પુજા પીયરમા આવેલી અને અમોએ તેને સમજાવીને પરત તેની સાસરીમા મોકલેલી તેમની દીકરીને તેઓના પર ફોન આવેલો અને તેને તેઓને જણાવેલ કે પપ્પા મને સુરત મુકામે ધોલેરા ઈન્ફાકોમ કંપનીમા નોકરી કરતી હતી. નોકરી દરમીયાન મારા સાસુ સસરા મને રોકટોક કરી બહાર જવાનુ નહી કહેતા હતા અને તે સમયગાળા દરમીયાન તેઓના જમાઈનો માસીક પગાર એક લાખ રૂપીયાનો થઈ ગયેલો અને તેઓની દીકરીને રાખવી નથી તેઓની દીકરીને **<u>તેઓના જમાઈ તથા તેમના માતા પિતા તથા તેમના કાકા સસરા છુટાછેડા માટે દબાણ કરતા હતા તારે કોઈ મોબાઈલ ચલાવવાનો નહી તેમ કહી માનસીક અને શારીરીક ત્રાસ આપતા હતા</u>** આ બાબતે તેમની દીકરીએ તેમને વાત કરતા તેઓએ તેને જણાવેલ કે દીકરા આપણી આર્થીક પરીસ્થીતી નથી થોડુ સહન કરી લે બધુ સારૂ થઈ જશે ત્યારબાદ તેઓની દીકરીનો ફોન આવેલો અને તેને તેમને જણાવેલ કે તેમના નણંદ શ્રેયાબેન આવેલા અને કહેતા હતા કે આ ઘરમા રહેવુ હોય તો મારા માતાપિતા કહે તેમ કરવું પડશે નહીતર તુ આ ઘરમા નહી રહી શકે ત્યારબાદ સને ૨૦૨૧મા ગણપતી મહોત્સવ દરમીયાન તેઓની દીકરી પુજાનો ફોન આવેલો અને કહેલ કે ઘરના બધા સભ્યો તેઓની સાથે ઝઘડો કરે છે અને તેમને માનસીક અને શારીરીક ત્રાસ આપે છે અને મને છૂટુ કરવા માટે દબાણ કરે છે અને તેમની દીકરીને સસરાએ તેમના દીકરા સપનકુમાર જણાવેલ કે તારી પત્નિને રાખવી નથી અને તુ તેની ફઈ રશ્મીબેન સુરત વાળાઓને ત્યા મુકી આવ તેવુ કહી મારી ઘરમાથી કાઢી મુકેલી અને તે તેના ફઈ રશ્મીબેના ઘરે રહેવા ગયેલી આ બાબતે તેઓની બહેન રશ્મીબેને તેમને જાણ કરેલી કે પુજાના સાસરીવાળા ઓએ પુજાને માર મારી મારા ઘરે મુકી ગયેલ જેથી તેઓએ તેમની બહેનને કીધેલ કે સાત આઠ દીવસ તમારી સાથે રાખો ત્યારબાદ વડાલી મુકામે મુકી જજો ત્યારબાદ તેઓની દીકરી વડાલી મુકામે આવી ગયેલી અને ત્યારબાદ ૩ એક મહીના બાદ તેમની દીકરીને સમાજાવીને તેની સાસરી પાછી મોકલી આપેલી તેમની દીકરીને સાસરીમા મોકલ્યા બાદ પણ **<u>આ લોકોના વર્તનમા કોઈપણ જાતનો ફેર પડેલ નહી આજથી બે વર્ષ પહેલા પાંચમા મહીનામાં</u>**

**તેઓની દીકરીના સાસરીયા પક્ષના નણંદ અને બીજા લોકો છુટાછેડા માટે દબાણ કરતા હતા.તેઓની દીકરીને જાનથી મારી નાખવાની ધાકી આપી બીભત્સ શબ્દો બોલતા હતા.તેઓની દીકરીને ધમકી આપી કાઢી મુકતા** તેઓની દીકરી તેના કાકા અજયભાઈ રાવલના ઘરે ગયેલા. જેથી તેઓ તથા તેમના પતિ તેઓની દીકરીને મળવા અજયભાઈના ઘરે અને ત્યાં જાઈને પુજાને સમજાવેલા અને ત્યારબાદ તેની સાસરીમાં ગયેલા અને ત્યાં તે લોકો સાથે વાત કરતા તે લોકોએ અમારી વાત સાંભળેલી નહી અને છુટાછેડા માટે કહેતા હતા કે તમારી દીકરીને રાખવી નથી જેથી અમારી દીકરીને વડાલી મુકામે લઈ આવેલા.ત્યારબાદ તેમની દીકરીનું ઘરસંસાર સારી રીતે ચાલે તે માટે સમાજની રીતે પ્રયત્નો કરેલા અને તેઓની દીકરીના સાસરીવાળાઓને બોલાવેલા અને તેઓને લઈ જવાનું કહેતા તેઓ લઈ ગયેલા નહી અને રાખવાનુ ના પાડતા હતા.આ કેસ જેમા જુબાની આપુ છુ તે કેસ તેઓની દીકરીએ સપનકુમાર અને તેના સાસરીયા પક્ષના માણસો પર કરેલો અને તેના અનુસંધાને આજરોજ તેઓ જુબાની આપે છે.આરોપીઓને જોયેથી ઓળખુ છે.

**સદર સાહેદ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે,** સપનકુમાર તેમની દીકરીને એક વરસ સુધી સારી રીતે રાખેલી. તેઓ તેમની દીકરીના લગ્ન પહેલાથી જ વડાલી મુકામે રહે છે અને તેઓની દીકરીના લગ્ન બાદ પણ તેઓ વડાલી મુકામે જ રહે છે.તેમની દીકરીએ માર મારેલ બાબતે કોઈ સરકારી કે ખાનગી દવાખાને સારવાર કરાવેલ હોય તે બાબતનુ સર્ટીફીકેટ રજુ કરેલ નથી.સદરહું ફરીયાદની બાદ બીજો કોઈ અન્ય બનાવ બવેલ હોય તેવુ બનેલ નથી.

સાહેદે એવી હકીકતનો ઈન્કાર કરેલ છે કે,**મારા પોલીસ જવાબમાં એવી હકીકત લખાવેલ નથી કે,આ કામના આરોપીએ મારી દીકરી પાસે બે લાખ પુરા કઈ તારીખે કઈ જગ્યાએ કોની હાજરીમા માંગણી કરેલી અને કહેવાતા બનાવના એક વરસ બાદ મારી દીકરી મારા ઘરે કઈ તારીખે કયા સમયે આવેલી અને સપનકુમાર તથા તેમના નણંદે અને તેમના માતાપીતાએ કઈ**

**તારીખે કોની હાજરીમાં અને કયારે માનસીક ત્રાસ અને મહેણાટોણા મારેલા અને કરીયાવર માંગેલ છે અને મારી દીકરીની નણંદે કઈ તારીખે અને કયારે કયા સમે મારી દીકરીને ત્રાસ આપેલો અને મારી દીકરીને સપનકુમારે કઈ તારીખે અને કયારે અને કઈ ગાળો આપેલી અને** મારી દીકરીની નણંદના લગ્ન મારી દીકરીના લગ્ન પહેલા થઈ ગયેલા છે અને મારી નણંદની સાસરી મેંગ્લોર મુકામે આવેલી છે અને મારી દીકરીએ અમોને તેની તકલીફ ફોન પર જાણ કરેલી તેથી અમોને આ બાબતની જાણ છે **સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમો રૂબરૂમાં ગયેલા તે સમયે જોયેલ અને** મારી દીકરીને સપનકુમાર તથા મારી દીકરીની નણંદ અને તેમના માતાપીતાએ કોઈ શારીરીક કે માનસીક ત્રાસ આપેલ હોય તેવું બનેલ નથી અને મારી દીકરીના કાકા સસરાએ મારી દીકરીને છુટાછેડા માટે દબાણ કરેલ તેવું બનેલ નથી અને મારી દીકરી પરતિ અને તેમના માતાપીતાએ કોઈ બીભત્સ ગાળો બોલેલ હોય તેવું બનેલ નથી અને મારી દીકરીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી અને મારી દીકરીને તેના સાસરીવાળા સારી રીતે રાખતા હતા અને આજેપણ સારી રીતે રાખે છે અને રાખવા તૈયાર છે પરંતુ હું મારી દીકરીના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું અને કોઈ બનાવ ન બનેલ હોવા છતા સોંગદ પર ખોટી જુબાની આપુ છું.

(૬.૪) **ફરીયાદપક્ષે સાહેદ-અજય છોટાલાલ રાવલનાઓની** આંક-૪૭થી જુબાની રેકર્ડ કરવામાં આવેલ છે અને તેઓ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,મારા ભત્રીજી પુજાબેનના લગ્ન તા.૨૧/૬/૨૦૧૯ના રોજ સમાજના રીતરીવાજ મુજબ સુરતના રહેવાસી સપનકુમાર ગીરીશભાઈ મઢવી સાથે થયેલા જેમા તેના માતા પિતાએ કરીયાવરમા સોનાચાંદીના દાગીના, વાસણ તથા કપડા આપેલા.લગ્નબાદ તે તેની સાસરી સુરત મુકામે રહેવા ગયેલી અને તેઓ પણ સુરત મુકામે રહેતા હતા અને તે તેઓના ઘરે તેઓને મળવા આવતી હતી અને લગ્નબાદ મારી ભત્રીજી પુજાને તેના સાસરીયાઓએ એક વર્ષ સુધી સારી રીતે રાખેલી અને એક વર્ષ બાદ તે તેમના ઘરે આવેલી ત્યારે તેમને જણાવેલ કે **મારા પતિ શારીરીક અને માનસીક ત્રાસ આપતા અને**

**રૂપીયા બે લાખ દહેજની માગણી કરેલી અને પુજાના સાસુ, સસરા, નણંદ પુજાને છુટાછેડા આપવા માટે દબાણ કરતા હતા.આ સપનકુમાર નોકરી કરતા હતા અને માસીક એક લાખ રૂપીયા પગાર મેળવતા હતા અને પુજાના સાસુ સસરા પુજાને નોકરી કરવા માટે દબાણ કરતા હતા** જેથી પુજાએ નોકરી કરવાનુ ચાલુ કરેલ જે સુરત મુકામે એકાઉન્ટની નોકરીમાં જોડાયેલી અને તે એન્ડ્રોઈડ મોબાઈલ વાપરતી ન હતી.ત્યારબાદ એક વર્ષ પછી પુજાબેન તેઓની બહેન રશ્મીબેનને ત્યા ગયેલી અને **ત્યા જઈને પુજાએ જણાવેલ કે મારા સસરા મને માર મારે છે તેમજ મારો ઘરવાળો સપન પણ મને માર મારે છે જેથી રશ્મીબેને પુજાને વડાલી મુકામે તેના પીયરે મુકી ગયેલા** અને અહીયા ૩ મહીના રોકાયેલી ત્યારબાદ પુજાને સગાસંબધીઓ અને સમાજના માણસો ધ્વારા સમજાવતા અને સુરત મુકામે તેની સાસરીએ મુકી ગયેલા ત્યારબાદ બે ત્રણ માસ બાદ પુજા તેઓને મળેલી અને જણાવેલ કે **આ લોકો હજુ સુધરતા નથી અને મને ત્રાસ ચાલુ છે. અને તેઓએ તેને જણાવેલ કે જો હવે પછી તને ત્રાસ આપે તો તુ મારા ઘરે આવી જજે અને તા.૧/૫/૨૦૨૨ના રોજ તેના સાસુ સસરા સાથે ઝઘડો થતા તેને ઘરમાથી કાઢી મુકેલી અને હવે પછી આ ઘરમા આવીશ તો તને જાનથી મારી નાખીશ તને છુટાછેડા આપવાના છે.** જેથી તેઓએ પુજાના મમ્મી–પપ્પાને ફોન કરીને સુરત મુકામે બોલાવેલા. **પુજાના માતા–પિતા તેઓના ઘરે આવ્યાબાદ તેઓ તથા રશ્મીબેન તથા પુજા તથા તેના માતા–પિતાની સાથે સપનના ઘરે ગયેલા. તે લોકોએ ગાળો આપી ગેરવર્તન કરેલ અને કહેલ કે,** પુજાને અમારે રાખવી જ નથી અને છુટાછેડા આપવા છે,ત્યારબાદ પુજા તેઓના ઘરે પરત આવેલ.અને ત્યારબાદ બે દિવસ પછી પુજા વડાલી મુકામે આવેલ. આરોપીઓ અમારા સમાજના થતા હોય તેઓને હું ઓળખુ છુ.**સદર સાહેદની ઝુમ એપ્લીકેશનથી ઓનલાઈન ઉલટતપાસ લેતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,<u>આ કામે ફરીયાદી અને આરોપી વચ્ચે સમાધાન થયેલ છે અને મે મારી સરતપાસમાં જણાવ્યા મુજબનો બનાવ મે જાતે જોયેલ નથી કે તે બનાવ બાબતે મને જાતમાહીતી નથી.</u>**

**(૭) રેકર્ડ થયેલ પુરાવાઓનુ મુલ્યાંકન :–**

ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ મૌખિક પુરાવાનુ તેમજ દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન કરતા તેમજ તેની સાથે ઉભય પક્ષકારો તર્ફે કરાયેલ મૌખિક દલીલો ધ્યાને લેતાં તેમજ હાથ ઉપર રહેલ કેસનું રેકર્ડ વંચાણે લેતાં સ્પષ્ટ થાય છે કે,આ કામના આરોપી સામે ઈ.પી.કો.કલમ–૪૯૮(ક), ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–૪ મુજબના ગુન્હાનો આરોપ રહેલ છે અને વધુમાં આ કામના અન્ય આરોપીઓ વિરુધ્ધ કાર્યવાહીમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્રારા સ્ટે આપવામા આવેલ હોય અને આ કામના આરોપી(પતી) વિરુધ્ધ જ ચાજશીટ કરવામાં આવેલ હોય,આ કામે રજુ થયેલ પુરાવો માત્ર હાલના આરોપી પુરતો જ વંચાણે લેવામાં આવેલ છે. ફોજદારી કાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર,આરોપી સામે આક્ષેપાયેલ ગુનાહીત કૃત્યની હકીકતો ફરીયાદપક્ષ ધ્વારા વ્યાજબી શંકાથી પર પુરવાર કરવી જોઈએ.

(૮) આ કામે નિર્ણયો માટેના કારણોની ચર્ચા કરતા પહેલા આ કામે આક્ષેપીત ગુના અંગે જોવામાં આવે તો આ કામના આરોપીની વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૪૯૮(એ),૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા દહેજ પ્રતિબંધક કાયદાની કલમ–૪ મુજબના શીક્ષાપાત્ર ગુનાનો આક્ષેપ છે જેથી આ તબકકે કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં,

**INDIAN PENAL CODE, 1860**

**S.498 A. Husband or relative of husband of a woman subjecting her to cruelty.**

Whoever, being the husband or the relative of the husband of a woman, subjects such woman to cruelty shall be punished with imprisonment for a term which may extend to three years and shall also be liable to fine.

*Explanation*.—For the purposes of this section, **"cruelty means"**—

(a) any wilful conduct which is of such a nature as is likely to drive the woman to commit suicide or to cause grave injury or danger to life, limb or health (whether mental or physical) of the woman; or
(b) harassment of the woman where such harassment is with a view to coercing her or any person related to her to meet any unlawful demand for any property or valuable security or is on account of failure by her or any person related to her to meet such demand.]

## S.323. Punishment for voluntarily causing hurt.

Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to one thousand rupees, or with both.

## S.321. Voluntarily causing hurt.

Whoever does any act with the intention of thereby causing hurt to any person, or with the knowledge that he is likely thereby to cause hurt to any person, and does thereby cause hurt to any person, is said "voluntarily to cause hurt".

## S.504. Intentional insult with intent to provoke breach of the peace.

Whoever intentionally insults, and thereby gives provocation to any person, intending or knowing it to be likely that such provocation will cause him to break the public peace, or to commit any other offence, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

## S.506.Punishment for criminal intimidation.

Whoever commits the offence of criminal intimidation shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both;

**If threat be to cause death or grievous hurt, etc**.and if the threat be to cause death or grievous hurt, or to cause the destruction of any property by fire, or to cause an offence punishable with death or [imprisonment for life], or with imprisonment for a term which may extend to seven years, or to impute unchastity to a woman, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, or with fine, or with both.

## S.2 Definition of “dowry”

In this Act, "dowry" means any property or valuable security given or agreed to be given either directly or indirectly--

જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,
વડાલી

(a) by one party to a marriage to the other party to the marriage; or

(b) by the parents of either party to a marriage or by any other person, to either party to the marriage or to any other person;

at or before [or any time after the marriage][in connection with the marriage of the said parties, but does not include] dower or mahr in the case of persons to whom the Muslim Personal Law (Shariat) applies.

**Section 4. Penalty for demanding dowry.**

If any person demands, directly or indirectly,from the parents or other relatives or guardian of a bride or bridegroom,as the case may be, any dowry, he shall be punishable with imprisonment for a term which shall not be less than six months, but which may extend to two years and with fine which may extend to ten thousand rupees:

Provided that the Court may, for adequate and special reasons to be mentioned in the judgment, impose a sentence of imprisonment for a term of less than six months.]

(૯) આ કામે ઉપરોકત કાયદાકીય જોગવાઈઓની સાથે ક્રુરતા અને ત્રાસ બંને શબ્દો રોજબરોજના વ્યવહારમાં ઉપયોગમાં લેવામાં આવે છે તથા વ્યવહારીક પરીભાષા એવી વિકસવા પામી છે કે, વાસ્તવમાં શબ્દો કાનુની ભાષામાં હોવા છતા સર્વ વ્યકિતઓ સમજી શકે છે ક્રુરતામાં સામાન્યપણે ''નિદર્યતા અને ધાતકીપણા''નો સમાવેશ થાય છે. ઉપરોકત વ્યાખ્યા સામાન્ય સમજદારી પરથી ધડવામાં આવેલી છે અને એક સામાન્ય સરેરાશ સમજદારી ધરાવતી વ્યકિત પોતાની રોજીંદા અથવા રોજબરોજના જીવન વ્યવહારમાં જે વર્તન

કરે તેનો પ્રતીભાવ સામાપક્ષ તરફથી શું આવે તે જાણતી હોય છે અને તેવું જ જાણતા હોય તેવી અપેક્ષા રાખવામાં આવતી હોય છે વધુમાં ઉપરોકત કલમ બારીકાઈથી વંચાણે લેતા સમજુતી મુજબ પતિ કે તેના સગા ઈરાદાપુર્વક પરણીત સ્ત્રી સાથેનું એવું વર્તન કરે કે જે વર્તન સ્ત્રીને આત્મહત્યા કરવા પ્રેરે અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોચાડે અથવા જીંદગી કે શરીરના અવયવ કે આરોગ્યને ભયમાં મુકવા પ્રેરે તો આવુ વર્તન ક્રુરતા ગણાય છે. વધુમાં જયારે પરણેલ સ્ત્રીને આરોપીઓ તરફથી ક્રુરતા ઈરાદાપુર્વક કરવામાં આવતી હતી કે કેમ તે બાબતનો વિચાર કરતા સમયે આવી ક્રુરતા સતત અને પરણીત સ્ત્રી સહન ન કરી શકે તેવા પ્રકારની હતી કે કેમ તે પણ ધ્યાને લેવાનું રહે છે.

(૧૦) આ તબકકે કાયદાકીય જોગવાઈ સાથે નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નામદાર અન્ય હાઈકોર્ટ દ્વારા ક્રુરતા એટલે શું અને કેવા પ્રકારની ક્રરતાનો સમાવેશ ભારતીય દંડ સંહીતાની કલમ-૪૯૮(એ)ની વ્યાખ્યામાં થાય છે તે સંદર્ભે નીચે મુજબના ચુકાદાઓ ધ્યાને લેવા જરૂરી છે.

**2004,S.C.C.,[Cri.]1417,Wherein it was held that** cruelty must be such as defined u/s 498[A].It is also observed that consequences of cruelty should be such which are likely to drive a woman to commit suicide or to cause grave injury or danger to life,limb or health.

**2002,S.C.C.,[Cri.],971,Wherein it was** observed that before,however,adverting to the factual score, it is to be noticed at this juncture that Section 498A has been en grafted on the statute book by way of a

separate Chapter in terms of the provisions of the Criminal Law [Second Amendment] Act,1983 [Act 46 of 1983].The above amendment stands incorporated by reason of the present trend in the society and to meet the requirement of the society, the legislature thought it fit to incorporate a new Chapter being Chapter XXA in the statute book consisting of Section 498A in the Indian Penal Code,Further,it is observed that cruelty must be such which is defined in theSection.

**Indrasing M Raol Vs. State of Guj,1999[2],G.L.H.,596,Wherein it was held that** explained the concept of cruelty within the meaning of the definition as provided under Sec.498A of I.P.C. The ratio of this decision is that every act of cruelty or harassment is not made a crime under Sec.498A.**The prosecution has to establish that the cruelty or harassment was unabetted, incessant and persistent and being grave in nature unbearable and the same was with the intention to force the woman to commit suicide or to fulfill illegal demand or dowry of the husband or her inlaws**. As held by this Court, Sec. 498A will not come into play in every case of harassent and/or cruelty. Reasonable nexus

between cruelty and suicide must **be established. It should, therefore, be shown that the incessant harassment or cruelty was with a view to force the wife to end her life or fulfill illegal demands of her husband or inlaws, and was not matrimonial cruelty, namely, usual wear and tear of matrimonial life. [Para 17]**

**Achin Gupta Vs.State of Harayana & Anr.Livelaw (SC) 343,**<u>**Wherein it was held that,**IPC S.498A Can't be applied mechanically in all cases where wife complaints of harrasement or illtreatment by Husband and every matrimonial conduct which may cause annoyance to the other,may not amount to cruelty. Mere trivial irritations quarrels between spouce which happen in day to day married life, may also not amount to cruelty.</u>

**(૧૧)** આમ,ઉપરોકત સમગ્ર વિગતે રજુ થયેલ મૌખીક તેમજ દસતાવેજી પુરાવો ધ્યાને લેતા આ કામે આંક–૨૪થી તપાસેલ ફરીયાદી **પુજાબેન સપનભાઈ મઢવીએ** હાલના આરોપી વિરુધ્ધ આપેલ પુરાવો ધ્યાને લેતા,તેઓના પતિએ ફરીયાદી ભણેલા હોવાથી તેઓના પતિએ તેમને નોકરી કરવી જોઈએ તેવું કહેલું અને તા.૧/૫/૨૦૨૨ના રોજ તેઓ સુરત સુકામે હતા તે વખતે તેમના પતિ તેમને છૂટાછેડા માટે દબાણ કરતા હતા અને તેઓની સાથે ધકકામુકકી કરવા લાગેલા અને તે વખતે બીભત્સ ગાળો બોલતા હતા અને આરોપીએ ફરીયાદી સાથે મારઝુડ કરેલી અને ઘરમાંથી

કાઢી મુકેલી અને ફરી અહીંયા આવી તો તને જાનથી મારી નાખીશ તેવુ કહેલું.અને **સદર સાહેદ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે,**લગ્નના એક વરસ બાદ તેના પતીનો ત્રાસ આપવાનો શરૂ કરેલ. **મારી ફરીયાદમા એવી હકીકત લખાવેલ નથી કે,"આને પતાવી દઇશું" અને આ કામે આરોપીઓ સાથે સમાધાન થયેલ છે અને મારા લગ્નજીવન દરમ્યાન મારે અને મારા સાસરીયાઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી અને આ સીવાય બીજુ કશુ બનેલુ નહીં અને મને નિ.૫૪/૧વાળો નોટરાઇઝ સમાધાન કરાર બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે ઓળખે છે અને આ સમાધાન કરારની શરતો મુજબનુ સમાધાન થયેલ છે અને જે તે સમયે મે રોષમાં ફરીયાદ આપેલી અને હવે આ કામના આરોપીઓ સાથે કોઇ તકરાર, મનદુ:ખ રહેતુ નથી.**આમ,ફરીયાદી/ભોગ બનનારનો પુરાવો ધ્યાને લેતા તેઓને સામાન્ય બોલાચાલી તેઓના સાસરીયા સાથે થયેલાનું અન્ય તે સીવાય બીજુ કશું ન બનેલ હોવાનું જણાવે છે અને તેઓને આરોપીઓ સાથે સમાધાન થયેલાનું જણાવે છે પરંતુ ભારતીય દંડ સંહીતાની કલમ-૪૯૮(એ) સમાધાન લાયક ગુનો ન હોય જેથી તે હકીકત ધ્યાને લઇ શકાય નહી. ફરીયાદપક્ષે આ કામે પોતાના પીતા **જીતેન્દ્રભાઇ છોટાલાલ રાવલ**નાઓની આંક-૩૩થી તપાસેલા છે તેમા તેઓ જણાવે છે કે,**તેઓના જમાઈ સપનકુમાર તેઓની દીકરીને કહેતા હતા કે તુ આટલું ભણેલી છે તારે નોકરી કરવી પડશે નહીતર ઘરખર્ચ નહી ચાલે** અને ઘરના બધા સભ્યો મારી સાથે ઝઘડો કરે છે અને મને માનસીક અને શારીરીક ત્રાસ આપે છે અને મને છૂટુ કરવા માટે દબાણ કરે છે અને સદર સાહેદ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકારે છે કે,આ કામના આરોપીએ તેમની દીકરી પાસે રૂપીયા બે લાખ કઈ તારીખે,કઈ જગ્યાએ,કોની હાજરીમાની કોઈ હકીકત પોલીસ સમક્ષ જણાવેલી નથી અને આ કામના ફરીયાદીએ તેમના પતિ દ્વારા બે લાખની માંગણી કરેલ હોય તેવી હકકીત પોતાની

સોંગદ પરની જુબાનીમાં જણાવેલ જ નથી ત્યારે આ સાહેદના પુરવામાં મહત્વની હકીકત અંગે વિરોધાભાસ જણાય છે અને સપનકુમારે કઈ તારીખે,કઈ જગ્યાએ,કોની હાજરીમા મેણાટોણા અને માનસીક ત્રાસ આપ્યા અને કરીયાવર માગ્યાની કોઈ હકીકત પોલીસ સમક્ષ જણાવેલી નથી અને સપનકમારે તેઓની દીકરીને ગાળો બોલેલી તે ગાળો કઈ તારીખે,કોની હાજરીમા કઈ ગાળો બોલેલા તેના શબ્દોની વીગત પોલીસ નીવેદનમા જણાવેલી નથી અને સાહેદને પ્રશ્ન પુછતા કે તમારી દીકરી પુજાનો માનસીક અને શારીરીક ત્રાસ આપતા તે તમે નજરો નજર જોયેલ નથી ? તેનો જવાબ એવો આપે છે કે, માનસીક ત્રાસ આપતા હતા અને અમો બધા મુકવા ગયેલા ત્યારે અમોને બધાને ગાળો આપીને કાઢી મુકેલા.આમ,સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતા આ કામના ફરીયાદીને આરોપી દ્રારા શારીરીક ત્રાસ આપતા હોવાની હકીકતને તેઓને ખંડન કરેલ છે અને વધુમાં એવું પણ સ્વીકારેલ છે કે,તેઓની દીકરીને સુરત કે વડાલી મુકામે કોઈ વ્યથા થયેલ હોય કે ઈજા પહોચેલ હોય અને મારામારીના કારણે સરકારી કે ખાનગી દવાખાને કોઈ સારવાર કરેલાની કોઈ જાતમાહીતી તેમને નથી અને કહેવાતા બનાવ બાદ કોર્ટમા અરજી કર્યા બાદ તેઓ તથા તેમના પત્નિ અને તેમની દીકરી જરૂર પડયે કોર્ટમા અવરજવર કરે છે. ફરીયાદપક્ષે સાહેદ–**ગીતાબેન જીતેન્દ્રકુમાર રાવલ**નાઓની આંક–૩૯થી તપાસેલા છે અને તેઓએ પણ પોતાના પતી દ્રારા અપાયેલ પુરાવા જેવો પુરાવો રજુ કરેલ છે. વધુમાં આ કામના સાહેદોની હાજરીમાં કોઇ બનાવ બનેલ હોય અને આરોપીએ કોઇ માનસીક કે શારીરીક ત્રાસ આપેલ હોય તેવું બનેલું જણાતુ નથી એટલે આ સાહેદોએ આપેલ પુરાવો કથોપકથિત,કર્ણોપકણો અથવા સાંભળેલ પ્રકારનો પુરાવો છે જે કાયદા મુજબ ગ્રાહય નથી. આ તબકકે નામદાર ગુજરાત હાઇકોર્ટના **State of Gujarat Vs**.

**Bharatbhai Balubhai** & **Ors.G.L.R.** 2006 [1], **514**, Held, [para13],The law so far as Sec.498A I.P.C. is concerned needs to be examined considering the following two decisions of the Supreme Court: [i] Gananath Patnayak v.state of Orissa, SCC 2002 [Cri.]461.[ii]Inderpal v.state of M.P.Cri.L.J,2002,926.[Para14],The ratio of both the decisions is that all the statements made to by the the effect deceased to her family members regarding the alleged harassment and cruelty meted towards her would fall within the purview of hearsay evidence.It is an admitted fact that none of the witnesses examined by the prosecution have said that they have with their eyes seen the accused persons assaulting the deceased or treating her with cruelty. All the witnesses have deposed on the strength of the information which the deceased used to provided when she used to come at her parental home. Such a statement is not admissible in evidence for the offence punishable under Sec.498A of I.P.C. and has to be termed as being only a hearsay evidence. ફરીયાદપક્ષે ત્યારબાદ પોતાના કાકા **અજય છોટાલાલ રાવલનાઓની** આંક-૪૭થી તપાસેલા છે તેમાં તેઓ જણાવે છે કે,લગ્નના એક વર્ષ બાદ તેમની ભત્રીજી પુજા તેમના ઘરે આવેલી ત્યારે તેમને જણાવેલ કે **મારા પતિ શારીરીક અને માનસીક ત્રાસ આપતા અને રૂપીયા બે લાખ દહેજની માગણી કરેલી**

**અને** ત્યારબાદ એક વર્ષ પછી પુજાબેને ફોઇ રશ્મીબેનને ત્યા ગયેલી અને **ત્યા જઈને પુજાએ જણાવેલ કે મારો ઘરવાળો સપન પણ મને માર મારે છે અને પુજાના માતાપિતા તેઓના ઘરે આવ્યાબાદ તેઓ તથા રશ્મીબેન તથા પુજા તથા તેના માતાપિતાની સાથે સપનના ઘરે ગયેલા. તે લોકોએ ગાળો આપી ગેરવર્તન કરેલ** અને સદર સાહેદે પોતાની ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,**આ કામે ફરીયાદી અને આરોપી વચ્ચે સમાધાન થયેલ છે અને મે મારી સરતપાસમાં જણાવ્યા મુજબનો બનાવ મે જાતે જોયેલ નથી કે તે બનાવ બાબતે મને જાતમાહીતી નથી** અને આ કામે સાહેદ રશ્મીબેનને તપાસવામાં આવેલ નથી અને હાલના સાહેદને બનાવ બાબતે કોઇ જાતમાહીતી ન હોવાનું જણાવે છે અને જયારે મુળ ફરીયાદી પોતાના પુરાવામાં એવુ જણાવતા હોય કે,તેઓને તેમના સાસરીયા જોડે સામાન્ય બોલચાલી થયેલી અને તે સીવાય બીજો કોઈ બનાવ બનેલ નથી તેવા સંજોગોમાં પણ આ કામના સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

(૧૨) આ કામે ફરીયાદપક્ષે એવો આક્ષેપ કરવામાં આવેલ છે કે આ કામના આરોપીએ તેઓને ગાળો આપેલી છે પરંતુ તે બાબતે કોઇ પુરાવો આ કામે રજુ કરેલ નથી અને તેમજ આ કામે ભારતીય દંડ સંહીતાની કલમ-૫૦૪ ધ્યાને લઈએ તો ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઇ ગુનો કરી બેસે એવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરશે એવો સંભવ હોવાનું જાણવા છતા જે કોઈ વ્યકિત ઈરાદાપૂર્વક બીજી વ્યીકતનું અપમાન કરી તેને ઉશ્કેરાટનું કારણ આપે તો તેણે ભારતીય દંડ સંહીતાની કલમ-૫૦૪ તળેનો ગુનો કરેલ હોવાનું કહી શકાય. વધુમાં આ કલમના આવશ્યક તત્વોને ધ્યાને લેતા આરોપીએ વાપરેલા શબ્દો રેકર્ડ પર આવવા જરૂરી છે અને તે જયા સુધી રેકર્ડ પર ન આવે ત્યાં સુધી એવું ઠરાવી શકાય નહી કે,ફરીયાદી/સાહેદોને

જે શબ્દો કહેવામાં આવેલા કલમ–૫૦૪ની વ્યાખ્યા પ્રમાણે અપમાન માત્ર ઈરાદાપૂર્વકનું જ અથવા અપમાનીત વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે અથવા અન્ય ગુનો કરવા ઉશ્કેરણી કરતુ હોવું જોઈએ પરંતુ આ કામે તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષના પુરાવા પરથી રેકર્ડ પર આવેલ નથી તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આ ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ રહેલાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે અને આરોપીપક્ષે ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૬(૨) મુજબના ગુનાનું તહોમત મુકેલ છે તેના આવશ્યક તત્વો ધ્યાને લેતા તેવી ધમકી બાદ ફરીયાદીને ભય ઉભો થયેલ હોવો જોઈએ તે મુજબ હાલના કામે તેવી ધમકીના કારણે ફરીયાદી કે સાહેદો પોતે જે કામ કરવું જોઈએ તે કરેલ ન હોય તેમજ જે કામ ન કરવું જોઈએ તે કરેલ હોય અને એવી ગુન્હાહીત ધમકીના કારણે ભયમાં મુકાયેલા હોય તેવું ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા પરથી ફલીત થતુ નથી તેમજ હાલના કામે બનાવ બન્યા બાદ ફરીયાદીને આરોપીએ આપેલ ધમકીના કારણે ભય ઉભો થયેલ હોય અને તેઓ તેમનું દૈનીક કાર્ય ભયના કારણે કરી શકેલ નથી તેવી કોઈ હકીકત તટસ્થ પુરાવાથી સાબીત કરેલ નથી.

(૧૩) આમ,ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ લેખીત, મૌખીક પુરાવો તથા બંને વિ.વ.શ્રીઓની દલીલો તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા ફરીયાદપક્ષે આરોપી સામે જે ગુનાઓનું તહોમત છે તે સાબીત કરવા પ્રથમ તો સાબીત કરવુ પડે કે આ કામના આરોપીએ ફરીયાદીને અવારનવાર શારીરીક અને માનસીક દુખત્રાસ આપી કરીયાવર બાબતે માંગણી કરેલ હોય હોવાનું સાબીત કરવામાં સફળ થાય તો જ આરોપી વિરુધ્ધ તહોમત પુરવાર થઈ શકે અને ફરીયાદીપક્ષે આરોપી સામેનો કેસ સચોટ,કડીબધ્ધ અને વિશ્વસનીય પુરાવાના આધારે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનો રહે છે અને પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર આરોપી વિરુધ્ધ ગુનો

પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.આમ,ફરીયાદપક્ષ આરોપીએ ભારતીય દંડ સંહીતાની કલમ–૪૯૮(ક),૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–૪ મુજબનો ગુનો કર્યાનું વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય,મુદા નં.૧નો નિર્ણય નકારમાં ઠરાવી મુદા નં.૨ પરત્વે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>:: આખરી હુકમ ::</u>**

(૧) આ કામના **આરોપી–સપનકુમાર ગીરીશકુમાર મઢવી,**રહે.બી–૧ ૬૦૬,ગ્રીન સીટી કીંગસ્ટનની બાજુમાં,પાલ ભાઠા રોડ,સુરતનાઓને ક્રિ.પો.કોડનીકલમ–૨૪૮ અન્વયે,ઇ.પી.કો.કલમ–૪૯૮(ક),૩૨૩, ૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા દહેજ પ્રીતબંધક ધારાની કલમ–૪ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ક્રિ.પો.કોડની કલમ–૪૩૭ના પ્રબંધો મુજબ રૂા.૧૫,૦૦૦/– અંકે રૂપીયા પંદર હજાર પુરા સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા અપીલ સમય સુધી રજુ રાખવા ત્યારબાદ રદ ગણવા.

આ ઠરાવ આજરોજ તા.૦૧લી,માહે–જુન,સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**મુકામ: વડાલી**
**તા.૦૧/૦૬/૨૦૨૬**

**(સુનિલકુમાર એમ.પટેલ)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.,વડાલી**
**યુ.આઇ.સી.–જીજે૦૧૭૦૪**

//R.N.P//

જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,
વડાલી